જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૧

:-૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com

web:-www.suratdeo.org

જા.નં/૨૦૨૬/12952

તા.27/૦૯/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,
સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ, જિ.સુરત
આશ્રમશાળા, તમામ, જિ.સુરત(અનુસૂચિત જાતિ કલ્યાણ, આદિજાતિ કલ્યાણ, વિકસતી જાતિ કલ્યાણ)
આદર્શ નિવાસી શાળા, તમામ,જિ.સુરત (અનુસૂચિત જાતિ કલ્યાણ, આદિજાતિ કલ્યાણ, વિકસતી જાતિ કલ્યાણ)
એકલવ્ય મોડલ રેસીડેન્સી શાળાઓ તમામ, જિ.સુરત
સૈનિક શાળા તમામ,જિ.સુરત
જવાહર નવોદય વિદ્યાલય અને કેન્દ્રીય વિદ્યાલય, તમામ, સુરત,
જિ.સુરત

વિષય: રાજ્યની તમામ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પરિસરમાં સ્વચ્છતાની જાળવણી અને દેખરેખ બાબત.

સંદર્ભ: પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરન પત્ર ક્રમાંક : પ્રાશિની/છ- ૨/સંકલન/ ૨૦૨૬/૪૪૫૫, તા.૨૪/૦૯/૨૦૨૬

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સુરત જિલ્લાની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, આશ્રમ શાળાઓ, આદર્શ નિવાસી શાળા, એકલવ્ય મોડલ રેસીડેન્સી શાળા, સૈનિક સ્કૂલ, જવાહર નવોદય વિદ્યાલય અને કેન્દ્રીય વિદ્યાલયમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્વચ્છ, સુઘડ અને આરોગ્યપ્રદ વાતાવરણ પૂરું પાડવું એ શિક્ષણ વિભાગની પ્રાથમિકતા છે. શાળા પરિસરમાં સ્વચ્છતાની યોગ્ય જાળવણીથી વિદ્યાર્થીઓનું આરોગ્ય જળવાય છે અને શૈક્ષણિક સ્તર ઉત્કૃષ્ટ બને છે. આ હેતુને સિદ્ધ કરવા માટે શાળા સંકુલની સ્વચ્છતા સુનિશ્ચિત કરવી, સ્થાનિક સ્તરે લોકભાગીદારી વધારવી અને દેખરેખ તંત્રને વધુ મજબૂત કરવું અનિવાર્ય જણાયું છે. આથી, સંદર્ભદર્શિત ઠરાવો અન્વયે રાજ્યની તમામ શાળાઓ માટે નીચે મુજબની સૂચનાઓ બહાર પાડવામાં આવે છે, જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧. <u>શાળા સંકુલની સફાઈ અને સ્વચ્છતાની સુનિશ્ચિતતા:</u>

શાળા કક્ષાએ મેદાનથી લઈને સમગ્ર સંકુલની નિયમિત સફાઈ થાય તે માટે નીચેની બાબતો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવાનું રહેશે:

(A) શૌચાલયની સફાઈ: કુમાર અને કન્યા માટેના શૌચાલયોની દૈનિક ધોરણે યોગ્ય સફાઈ થાય તેમજ ત્યાં નિરંતર પાણીની ઉપલબ્ધતા રહે તેવી વ્યવસ્થા આચાર્યશ્રીએ સુનિશ્ચિત કરવાની રહેશે.

(B) શુદ્ધ પેયજળની સુવિધા: વિદ્યાર્થીઓને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે પાણીની ટાંકી તથા વોટર કૂલરની નિયમિત સફાઈ કરવાની રહેશે, તેમજ તેની આસપાસ ભરાતા પાણીના યોગ્ય નિકાલની કાયમી વ્યવસ્થા કરવાની રહેશે.

Scanned with OKEN Scanner

(C) મધ્યાહ્ન ભોજન (MDM) કેન્દ્ર: મધ્યાહ્ન ભોજન યોજના હેઠળના રસોડાના શેડ, રસોઈના વાસણો તથા અનાજ સંગ્રહના સ્થાન (સ્ટોર રૂમ) માં સંપૂર્ણ સ્વચ્છતા જાળવવાની રહેશે.

૨. લોકભાગીદારી અને શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) સભ્યો દ્વારા પ્રત્યક્ષ નિરીક્ષણ:

શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) ની સક્રિયતા અને લોકભાગીદારી વધારવાના આશયથી, સમિતિના ઓછામાં ઓછા એક સભ્ય દ્વારા દર મહિને નિયમિતપણે ઓછામાં ઓછી એકવાર શાળાની સ્વચ્છતા સુવિધાઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ (Inspection) કરવામાં આવે તે અપેક્ષિત છે.

૩. સ્વચ્છતા નિરીક્ષણ રજીસ્ટરની નિભાવણી:

શાળા કક્ષાએ સ્વચ્છતાની દેખરેખ માટે એક અલગ "સ્વચ્છતા નિરીક્ષણ રજીસ્ટર" ફરજિયાતપણે નિભાવવાનું રહેશે. માસિક નિરીક્ષણ કરનાર SMC સભ્યએ આ રજીસ્ટરમાં પોતાની સહી સાથે સ્વચ્છતા અંગેની જરૂરી નોંધ કે અભિપ્રાય અંકિત કરવાનો રહેશે

આ નોંધ/અભિપ્રાયની વિગતોને આગામી SMC ની બેઠકમાં ચર્ચાના એજન્ડા પર લઈ, સૂચવેલી બાબતોમાંથી કેટલી બાબતોનું અમલીકરણ થયું છે તેની સમીક્ષા કરવાની રહેશે.

સ્વચ્છતા નિરીક્ષણ રજીસ્ટર નીચે દર્શાવેલ નમૂના મુજબ નિભાવવાનું રહેશે:

નિરીક્ષણ રજીસ્ટરનો નિયત નમુનો

ક્રમ	તારીખ	SMC સભ્યની મુલાકાત નોંધ/અભિપ્રાય	નોંધ અન્વયે શાળા દ્વારા કરવામાં આવેલ સુધારાત્મક કામગીરી

૪. સુધારેલી સ્વચ્છતા ગ્રાન્ટનો વિનિયોગ અને ઓડિટ:

સંદર્ભ-૧ ના ઠરાવ અન્વયે ગુજરાત સરકાર દ્વારા શાળા સ્વચ્છતા ગ્રાન્ટની રકમમાં વધારો કરવામાં આવ્યો છે. શાળાના આચાર્યશ્રી અને SMC એ આ સુધારેલી ગ્રાન્ટનો ઉપયોગ નિયમોનુસાર માત્ર અને માત્ર નીચે મુજબની કામગીરી માટે જ કરવાનો રહેશે:

શૌચાલયની સફાઈના સાધનો, ફિનાઈલ, એસિડ, અને કચરાપેટી (Dustbin) ની ખરીદી માટે.

સફાઈ કામદારોના નિયત મહેનતાણાની ચુકવણી માટે.

આ ગ્રાન્ટના વપરાશનું ઓડિટ અને હિસાબો નિયત સમયમર્યાદામાં સક્ષમ કક્ષાએ અચૂક રજૂ કરવાના રહેશે.

તમામ સરકારી શાળાઓના નિરીક્ષણ કામગીરી માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને કચેરીના શિક્ષણ નિરીક્ષકશ્રી રૂબરૂ મુલાકાત લેશે જેથી ઉપરોક્ત બાબતો અંગે કોઈપણ પ્રકારની શિથિલતા કે બેદરકારી રાખ્યા વગર ઉક્ત નિયમોનું પાલન કરવા જણાવવામાં આવે છે

બિડાણ: ઉપર મુજબ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો.સુરત

નકલ રવાના અમલ અર્થે :-
શિક્ષણ નિરીક્ષક, સદર કચેરી,
મદદનીશ શિક્ષણ નિરીક્ષક, સદર કચેરી,

Scanned with OKEN Scanner

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગુ.રા. ગાંધીનગર-૩૮૨૦૧૯

ક્રમાંક:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૬/-
તારીખ: ૨૪/૦૯/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ
શાસનાધિકારીશ્રી તમામ

વિષય: રાજ્યની તમામ સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના પરિસરમાં સ્વચ્છતાની જાળવણી અને દેખરેખ બાબત.

સંદર્ભ: :. ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧-૨૦૧૯/સીંક્ષા-૨૩/૬, તા.૧૦/૦૧/૨૦૨૦

2. ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ED/DOGOI/GOI/3/2026/3241/K, તા.૨૨/૦૬/૨૦૨૬

3. નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ કચેરી – શાળા સ્વચ્છતા ગ્રાન્ટ

4. સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી (માધ્યમિક), ગુ.રા. ના પત્ર ક્રમાંક:ધ/માધ્ય/પરચ/૨૦૨૬/૫૧૪૧-૮૨, તા.૧૪/૦૮/૨૦૨૬

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્વચ્છ, સુઘડ અને આરોગ્યપ્રદ વાતાવરણ પૂરું પાડવું એ શિક્ષણ વિભાગની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. શાળા પરિસરમાં સ્વચ્છતાની યોગ્ય જાળવણીથી વિદ્યાર્થીઓનું આરોગ્ય જળવાય છે અને શૈક્ષણિક સ્તર ઉત્કૃષ્ટ બને છે. આ હેતુને સિદ્ધ કરવા માટે શાળા સંકુલની સ્વચ્છતા સુનિશ્ચિત કરવી, સ્થાનિક સ્તરે લોકભાગીદારી વધારવી અને દેખરેખ તંત્રને વધુ મજબૂત કરવું અનિવાર્ય જણાયું છે. આથી, સંદર્ભદર્શિત ઠરાવો અન્વયે રાજ્યની તમામ શાળાઓ માટે નીચે મુજબની સૂચનાઓ બહાર પાડવામાં આવે છે, જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧. શાળા સંકુલની સફાઈ અને સ્વચ્છતાની સુનિશ્ચિતતા:

શાળા કક્ષાએ મેદાનથી લઈને સમગ્ર સંકુલની નિયમિત સફાઈ થાય તે માટે નીચેની બાબતો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવાનું રહેશે:

(A) શૌચાલયની સફાઈ: કુમાર અને કન્યા માટેના શૌચાલયોની દૈનિક ધોરણે યોગ્ય સફાઈ થાય તેમજ ત્યાં નિરંતર પાણીની ઉપલબ્ધતા રહે તેવી વ્યવસ્થા આચાર્યશ્રીએ સુનિશ્ચિત કરવાની રહેશે.

Scanned with OKEN Scanner

(B) શુદ્ધ પેયજળની સુવિધા: વિદ્યાર્થીઓને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે પાણીની ટાંકી તથા વોટર કૂલરની નિયમિત સફાઈ કરવાની રહેશે, તેમજ તેની આસપાસ ભરાતા પાણીના યોગ્ય નિકાલની કાયમી વ્યવસ્થા કરવાની રહેશે.

(C) મધ્યાહન ભોજન (MDM) કેન્દ્ર: મધ્યાહન ભોજન યોજના હેઠળના રસોડાના શેડ, રસોઈના વાસણો તથા અનાજ સંગ્રહના સ્થાન (સ્ટોર રૂમ) માં સંપૂર્ણ સ્વચ્છતા જાળવવાની રહેશે.

૨. લોકભાગીદારી અને શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) સભ્યો દ્વારા પ્રત્યક્ષ નિરીક્ષણ:

શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) ની સક્રિયતા અને લોકભાગીદારી વધારવાના આશયથી, સમિતિના ઓછામાં ઓછા એક સભ્ય દ્વારા દર મહિને નિયમિતપણે ઓછામાં ઓછી એકવાર શાળાની સ્વચ્છતા સુવિધાઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ (Inspection) કરવામાં આવે તે અપેક્ષિત છે.

૩. સ્વચ્છતા નિરીક્ષણ રજીસ્ટરની નિભાવણી:

શાળા કક્ષાએ સ્વચ્છતાની દેખરેખ માટે એક અલગ **"સ્વચ્છતા નિરીક્ષણ રજીસ્ટર"** ફરજિયાતપણે નિભાવવાનું રહેશે.

- માસિક નિરીક્ષણ કરનાર SMC સભ્યએ આ રજીસ્ટરમાં પોતાની સહી સાથે સ્વચ્છતા અંગેની જરૂરી નોંધ કે અભિપ્રાય અંકિત કરવાનો રહેશે.
- આ નોંધ/અભિપ્રાયની વિગતોને આગામી SMC ની બેઠકમાં ચર્ચાના એજન્ડા પર લઈ, સૂચવેલી બાબતોમાંથી કેટલી બાબતોનું અમલીકરણ થયું છે તેની સમીક્ષા કરવાની રહેશે.
- સ્વચ્છતા નિરીક્ષણ રજીસ્ટર નીચે દર્શાવેલ નમૂના મુજબ નિભાવવાનું રહેશે.

નિરીક્ષણ રજીસ્ટરનો નિયત નમૂનો

ક્રમ	તારીખ	SMC સભ્યની મુલાકાત નોંધ / અભિપ્રાય	નોંધ અન્વયે શાળા દ્વારા કરવામાં આવેલ સુધારાત્મક કામગીરી

૪. સુધારેલી સ્વચ્છતા ગ્રાન્ટનો વિનિયોગ અને ઓડિટ:

સંદર્ભ-૧ ના ઠરાવ અન્વયે ગુજરાત સરકાર દ્વારા શાળા સ્વચ્છતા ગ્રાન્ટની રકમમાં વધારો કરવામાં આવ્યો છે. શાળાના આચાર્યશ્રી અને SMC એ આ સુધારેલી ગ્રાન્ટનો ઉપયોગ નિયમોનુસાર માત્ર અને માત્ર નીચે મુજબની કામગીરી માટે જ કરવાનો રહેશે.

- **શૌચાલયની સફાઈના સાધનો,** ફિનાઈલ, એસિડ, અને કચરાપેટી (Dustbin) ની ખરીદી માટે.
- સફાઈ કામદારોના નિયત મહેનતાણાની ચુકવણી માટે.
- આ ગ્રાન્ટના વપરાશનું ઓડિટ અને હિસાબો નિયત સમયમર્યાદામાં સક્ષમ કક્ષાએ અચૂક રજૂ કરવાના રહેશે.

Scanned with OKEN Scanner

૫. અમલીકરણ અંગેની વહીવટી સૂચનાઓ:

- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (DEO) અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (DPEO) એ પોતાના તાબા હેઠળની શાળાઓમાં ઉક્ત સૂચનાઓનો ચુસ્ત અમલ થાય તે માટે સઘન નિરીક્ષણ કરવાનું રહેશે. આ બાબતમાં કોઈપણ પ્રકારની શિથિલતા કે બેદરકારી ક્ષમ્ય ગણાશે નહીં.
- આપના તાબા હેઠળની તમામ સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને આ બાબત તાકીદે પરિપત્રિત કરી અમલવારી કરવા આદેશ કરવામાં આવે છે. આચાર્યશ્રી કક્ષાએથી SMC ના તમામ સભ્યોને આ જોગવાઈઓથી અનિવાર્યપણે માહિતગાર કરવાના રહેશે.
- બી.આર.સી. (BRC) અને સી.આર.સી. (CRC) કો-ઓર્ડિનેટરશ્રીઓએ પોતાની શાળા મુલાકાત દરમિયાન આ "સ્વચ્છતા નિરીક્ષણ રજીસ્ટર" ની અચૂક ચકાસણી કરવાની રહેશે અને આ પ્રક્રિયામાં SMC સભ્યોની સહભાગીતા વધે તેવા સક્રિય પ્રયાસો હાથ ધરવાના રહેશે.

બિડાણ: ઉપર મુજબ

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

કમિશનર
શાળાઓની કચેરી
ગુ.રા.ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ . . .</u>

- અંગત સચિવશ્રી, માન. અગ્ર સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સેકટર-૧૯, ગાંધીનગર
- કલેકટરશ્રી તમામ જિલ્લા
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ જિલ્લા

Scanned with OKEN Scanner